શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

સંલગ્ન

(દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી)

સંચાલિત

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

# રાષ્ટ્રીય સેવા યોજના

NOT ME BUT YOU

## વાર્ષિક શિબિર અહેવાલ
## ૨૦૨૩ – ૨૦૨૪

@nssdahod

NAVJIVAN SCIENCE COLLEGE DAHOD

➤ પહેલો દિવસ (તા.૨૬/૦૨/૨૦૨૪) :-

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ની સ્વચ્છાતા–જનજાગૃતિ ગ્રામ શિબિર તા.૨૫/૦૨/૨૦૨૪ થી ૦૨/૦૩/૨૦૨૪ સુધી આયોજિત કરવામાં આવી હતી. આ શિબિર "ડૉ.આંબેડકર આશ્રમ શાળા,ઉકરડી, દાહોદ" મુકામે યોજવામાં આવેલ હતો. સવ્યંસેવકોને ત્યાં રાત્રિ રોકાણાર્થે ટ્રસ્ટીશ્રીની પૂર્વાનુમતી લીધેલ હતી. સમગ્ર શિબિર દરમ્યાન પ્રત્યેક દિવસના કાર્યક્રમ અને પ્રવૃતિઓ પૂર્વનિર્ધારીત હતા અને તે મુજબ શત-પ્રતિશત ન્યાય આપવાનો સફળ પ્રયાસ કર્યો હતો. જેની વિગત આ મુજબ છે.

તા.૨૫/0૨/2024 ના રોજ બધા સ્વયંસેવકો સાથે "ડૉ.આંબેડકર આશ્રમ શાળા,ઉકરડી,દાહોદ" મુકામે જરૂરી સાધન- સામગ્રી સાથે પહોંચ્યા હતા અને ત્યાંની સાફસફાઇમાં સ્વયંસેવકો પ્રવૃત થયા. વિવિધ ટુકડીઓ દ્વારા ઉકરડી ગામના રહીશોને તેમજ શાળાના સર્વે સ્ટાફ સભ્યોને આમંત્રણ પત્રિકાઓ પહોંચાડવામાં આવી. ત્યારબાદ સ્વયંસેવકોને સમગ્ર કાર્યક્રમ વિષેની માહિતી પૂરી પાડવામાં આવી અને ભોજનાલય અને ભોજન વિષેની પૂર્વ તૈયારી કરી.

➤ બીજો દિવસ (તા.૨૭/૦૨/૨૦૨૪) :-

આજ રોજ સવારે ૬ કલાકે દિવસની શરૂઆત પ્રભાત ફેરી દ્વારા કરવામાં આવી. જેમાં સ્વયંસેવકો દ્વારા મધુર સ્વરે વિવિધ ભજન અને પ્રભાતિયાનું ગાન કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ સ્થાનિક લોકોમાં જાગરૂતા લાવવાનો હતો. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહની તૈયારી શરૂ કરી.

ઉદ્ઘાટન સમારોહ ની શરૂઆત પ્રાથના અને રાષ્ટ્રીય સેવા યોજના ના લક્ષ્ય ગીત થી કરવામાં આવી હતી. આ સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટકશ્રી તરીકે ધમુભાઇ બાબુલાલ પંચાલ , જીલ્લા કો.ઓર્ડિનટર, દાહોદ ( અંગદાન જાગૃતિ અભિયાન ), અતિથિ વિશેષ તરીકે ડૉ.આંબેડકર આશ્રમ શાળાના આચાર્ય શ્રી રામસિંગભાઇ સોલંકી સાહેબ અને ઉકરડી ગામના સરપંચ શ્રી રાકેશભાઇ તેમજ પ્રેરક ઉપસ્થિતી તરીકે નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી. જે.ખરાદી સાહેબએ સ્થાન સોભાવ્યું હતું. સમારોહ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત મહાનુભાવો, સ્વયંસેવકો તેમજ સ્ટાફ સભ્યોએ પ્રિતીભોજનનો આનંદ માણ્યો હતો. અલ્પકાલીન વિશ્રામ બાદ ગ્રામ્ય વિસ્તારના વિવિધ ક્ષેત્રોની ભૌગોલીક પરિસ્થિતીઓથી માહિતગાર થયા અને ગ્રામ્યજનો સાથે સંબંધ પ્રસ્થાપિત કર્યા હતા.

➤ ત્રીજો દિવસ (તા.૨૮/૦૨/૨૦૨૪):-

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી નીકળી જેમાં ગ્રામજનો પણ રસ પૂર્વક જોડાયા હતા. ત્યારબાદ અલ્પાહાર કરી સ્વ્યંસેવકોની ટુકડી પાડવામાં આવી હતી અને વિવિધ પ્રવૃતિમાં ઓતપ્રોત થયા. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઉકરડી ગામના અલગ અલગ વિસ્તારોમાં સાફ સફાઇ કરવામાં આવી. તેમજ ગ્રામજનોને વ્યસન મુક્તિ, સ્વાસ્થય જાણકારી વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી. બોપોર

બાદ ગામની આશ્રમ શાળામાં નાના બાળકો સાથે રમત ગમત કરી અને શાળા સફાઇ અને નાના બાળકોને પોતાના શરીરની સ્વચ્છતા, પરિસરની સ્વચ્છતા અને પોલીથીનનો ઉપયોગ ન કરવો અને એનાથી પ્રકૃતિ પર થતી અસર વિષેની માહિતી પ્રોગ્રામ ઓફિસર અને સ્વયંસેવકો દ્વારા આપવામાં આવી. જેમાં ગ્રામજનોનો પ્રતિભાવ ખુબજ હકારાત્મક રહ્યો. રાત્રે આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ સાથે ગીત સંગીત નો કાર્યક્રમ કરવામાં આવ્યો.

- ચોથો દિવસ (તા.૨૯/૦૨/૨૦૨૪) :-

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી યોજવામાં આવ્યું હતું. ૨૮ ફેબ્રુઆરી , રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિતે સ્વયંસેવકો અને નવજીવન સાયન્સ કોલેજ દાહોદના સંયુક્ત ઉપક્રમે ડૉ આંબેડકર પ્રાથમિક શાળા ઉકરડી ખાતે વિજ્ઞાનના વિવિધ નમૂનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું . આ ઉપરાંત તમન્ના ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ અને રાષ્ટ્રીય સેવા યોજના શિબિરના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાતમંદ વર્ગને ઉપયોગી નીવડે એ હેતુથી ઉકરડી ગામની પ્રાથમિક શાળામાં આંખોના નંબરની તપાસ કરી રાહત દરે ચશ્મા શિબિર યોજવામાં આવેલ હતો. જેમાં ગામના લોકો તેમજ સ્વયંસેવકો અને કોલેજ તેમજ શાળાના શિક્ષકો એ લાભ લીધો હતો .

- પાંચમો દિવસ (તા.૧/૦૩/૨૦૨૪) :-

આજરોજ સપ્ત દિવસીય વાર્ષિક શિબિરના ભાગરૂપે ઐતિહાસિક સ્થળ શ્રી ગોવિંદ ગુરુ સમાધિ સ્થળ કંબોઇ, શ્રી ગોવિંદ ગુરુ સ્મારક માનગઢ હિલ કડાણા ડેમના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયંસેવકો અને ફિઝિકલ એડ્યુકેશન ડાઇરેક્ટર ડૉ. વી. જે. ચૌહાણ અને કેમિસ્ટ્રીના ભૂમિ તિલવાની જોડાયાં હતા. આ ઐતિહાસિક સ્થળોની મુલાકાત દ્વારા સ્વયંસેવકો એ આપણી યુનિવર્સિટીનું નામ જે મહાન હસ્તીના નામ ઊપર રાખવામાં આવેલ છે એવા શ્રી ગોવિંદ ગુરુ વિષે માહિતી મેળવી તેમજ તેમનો આદિવાસી જનજીવનને સામાજિક ઉત્થાનમાં મહત્વપૂર્ણ યોગદાન વિષે પોતે માહિતગાર બન્યા અને તેમના જીવન પરથી સમાજ સેવાની પ્રેરણા લીધી.

- **છઠો દિવસ (તા.૧/૦૩/૨૦૨૪) :-**

આજરોજ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પ્રભાત ફેરી યોજવામાં આવ્યું હતું. સ્વયં સેવકો દ્વારા મતદાર જાગૃતિ અભિયાન વિષય ઉપર નાટકની પ્રેક્ટિસ કરવામાં આવી ત્યારબાદ ગામમાં ગ્રામજનો ની સામે સ્વયંમ સેવકો દ્વારા નાટકનું પ્રદર્શન કરવામાં આવ્યું . જેનો મુખ્ય હેતુ ગામના લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને લોકો વધુ મતદાન કરવા પ્રેરાય એવો ઉમદા પ્રયત્ન કરવામાં આવેલ હતો. રાત્રે આશ્રમ શાળામાં પણ નાટક કરવામાં આવ્યું હતું.


- **સાતમો દિવસ (તા.૦૨/૦૩/૨૦૨૪) :-**

સમગ્ર શિબિરના અંતિમ ચરણના સમાપન સમારોહની શરૂઆત પ્રાથના અને રાષ્ટ્રીય સેવા યોજના ના લક્ષ્ય ગીત થી કરવામાં આવી હતી. આજ ના સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે શ્રી કૃષ્ણ પ્રણામી આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી ડૉ. પારૂલ એલ. સિંગ , સમારોહના અતિથિ વિશેષ તરીકે ડૉ.આંબેડકર આશ્રમ શાળાના આચાર્ય શ્રી રામસિંગભાઇ સોલંકી સાહેબ અને નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી. જે.ખરાદી સાહેબ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી. સમારોહના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકોને ખૂબ સરસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રી રામસિંગ સાહેબ અને ડો. જી. જે ખરાદી સાહેબ દ્વારા એન.એસ.એસ. ના સ્વયંસેવકોને જીવનમાં ઉપયોગી આવે એવી ખૂબ સરસ એન.એસ.એસ. વિશેની માહિતી આપી. સમારોહમાં કોલેજ ના તમામ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ત્રણ વર્ષથી સતત સેવાકીય કાર્યો સાથે જોડાયેલા તમામ સ્વયંસેવકો ને "સ્મૃતિ ભેટ" પ્રોત્સાહન રૂપે મહેમાનશ્રીઓ ના હસ્તે એનાયત કરવામાં આવી હતી.

સ્વયંસેવકો દ્વારા શિબિર દરમ્યાન એમને થયેલા અનુભવો અને અમને નવું જે પણ શીખવા મળ્યું એ પ્રતિભાવો મહેમાનશ્રીઓ અને બધા સમસ્ત રજુ કરવામાં આવ્યા.. મહેમાનશ્રીઓ દ્વારા તમામ સ્વ્યંસેવકોની સમગ્ર શિબિર દરમ્યાન કરેલ કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં આ પ્રકારના લાભો ઉકરડી ગામને અને સમાજને મળે એવી સુભકામનાઓ પાઠવી હતી.આ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો અને અંતમાં તમામ દ્વારા રાષ્ટ્રગાન કરી "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા સાથે બધાએ વિદાય લીધી હતી.

➢ ઉદઘાટન સમારોહ :-



સેવા
સહકાર
સમર્પણ
Not Me But You
રાષ્ટ્રીય સેવા યોજના
(NSS- 1 & 2)
(તા. ૧૫-૦૨-૨૦૨૪ થી ૦૨-૦૩-૨૦૨૪)
સ્વચ્છતા -જનજાગૃતિ ગ્રામ શિબિર
સ્નેહીશ્રી,
આનંદ સહ જણાવવાનું કે દાહોદ શહેરની જાણીતી શૈક્ષણીક સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સંચાલીત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ મહાવિદ્યાલય ના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ -૧ અને ૨ દ્વારા ડૉ. આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી તા. જિ. દાહોદ ખાતે સ્વચ્છતા અને જન જાગૃતિ ગ્રામ શિબિર નું આયોજન કરેલ છે.
શિબિર દરમ્યાન સામાજિક સેવા અને જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો તેમજ પ્રવૃતિઓ જેવી કે સ્વચ્છતા, આરોગ્યજાળવણી, કન્યાકેળવણી, બાળઆરોગ્ય, સ્ત્રી સશક્તિકરણ, સામાજિક પ્રશ્નો અંગે જન જાગૃતિ તેમજ વિવિધ સ્પર્ધાઓ- સાંસ્કૃતિક-બૌદ્ધીક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. આ શિબિરમાં ઉપસ્થિત રહેવા આપને આમંત્રણ છે.
આપને રાષ્ટ્રના આ ઉમદા કાર્યમાં સાથ-સહકાર આપવા નમ્ર અપિલ છે
ઉદ્ઘાટન સમારોહ
તા. ૨૬-૦૨-૨૦૨૪, સવારે ૧૧:૦૦ કલાકે
ડૉ. આંબેડકટર આશ્રમ શાળા, ઉકરડી
સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટકશ્રી
શ્રી ધમુ બાબુલાલ પંચાલ
જીલ્લા કો. ઓર્ડીનેટર, દાહોદ (અંગદાન જાગૃતિ અભિયાન)
પ્રેરક ઉપસ્થિતી
રામસિંગભાઇ સોલંકી
(પ્રિ. ડૉ. આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી)
નિમંત્રક
કાર્યકારી આચાર્ય
ડૉ. જી. જે. ખરાદી
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ
પ્રોગ્રામ ઓફિસર
ડૉ. એસ. એ. પટેલ શ્રી એન. આર. પટેલ
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ
સંરક્ષિત વન અને નદી, સુરક્ષીત બને સદી..




ગ્રામજનોની મુલાકાત :-









- ➤ સ્વચ્છ ભારત અભિયાન :-







➤ વિજ્ઞાન દિવસ અંતર્ગત સાયન્સ ડે ની ઉજવણી :








➤ ઐતિહાસિક સ્થળ માનગઢની મુલાકાતે :









- ફ્રી હેલ્થ મેડીકલ ચેકઅપ કેમ્પ :-










- ફાયર સેફટીની પ્રાથમિક ટ્રેનિંગ :





- ➤ કેમ્પ સમાપન :-



Not Me But You

**રાષ્ટ્રીય સેવા યોજના**

(NSS- 1 & 2)

(તા. ૨૫-૦૨-૨૦૨૪ થી ૦૨-૦૩-૨૦૨૪)

સ્વચ્છતા -જનજાગૃતિ ગ્રામ શિબિર

સ્નેહીશ્રી, ______________________

આનંદ સહ જણાવવાનું કે દાહોદ શહેરની જાણીતી શૈક્ષણીક સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સંચાલીત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ મહાવિદ્યાલય ના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ -૧ અને ૨ દ્વારા ડૉ. આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી તા. જિ. દાહોદ મુકામે યોજેલ છે. જેનો સમાપન સમારોહ નીચેની તારીખ, સમય અને સ્થળે રાખવામાં આવેલ હોઈ આપશ્રી આ સમારોહમાં ઉપસ્થિત રહીને અમોને ઉપકૃત કરશોજી.

આપને રાષ્ટ્રના આ ઉમદા કાર્યમાં સાથ-સહકાર આપવા નમ્ર અપિલ છે

**સમાપન સમારોહ** તા. ૦૨-૦૩-૨૦૨૪, સવારે ૧૧:૦૦ કલાકે
ડૉ. આંબેડકટર આશ્રમ શાળા, ઉકરડી

સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટકશ્રી
ડૉ. પારૂલ એલ. સિંગ
(પ્રિ. શ્રી ક્રિષ્ના પ્રણામી આર્ટસ કોલેજ, દાહોદ)

પ્રેરક ઉપસ્થિતી
રામસિંગભાઈ સોલંકી
(પ્રિ. ડૉ. આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી)

નિમંત્રક

કાર્યકારી આચાર્ય
ડૉ. જી. જે. ખરાદી
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

પ્રોગ્રામ ઓફિસર
ડૉ. એસ. એ. પટેલ શ્રી એન. આર. પટેલ
નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

સંરક્ષિત વન અને નદી. સરક્ષીત બને સદી..






SCIENCE COLLEGE, DAHOD
NATIONAL SERVICE SCHEME
SPECIAL CAMP
To
CLEAN


GOVIND GURU
NATIONAL SERVICE SCHEME
SPECIAL
Date:
GREEN INDIA









➤ મીડિયા કવરેજ" :-

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 27-02-2024

## ઉકરડી ખાતે સપ્ત દિવસીય સ્વચ્છતા જનજાગૃતિ ગ્રામ શિબિર ઉદ્ઘાટન સમારોહ



દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદના એન.એસ.એસ. એકમ 1 અને 2ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર''નું આયોજન ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદ્ઘાટક શ્રી. ધમુભાઈ પંચાલ, જીલ્લા કો.ઓર્ડિનેટર, દાહોદ( અંગદાન જાગૃતિ અભિયાન), પ્રેરક ઉપસ્થિત એવા ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડીના આચાર્ય રામસિંગભાઈ સોલંકી, નવજીવન સાયન્સ કોલેજના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો સહિતના હાજર રહ્યાં હતા.

## નવજીવન સાયન્સ કોલેજ , દાહોદ ખાતે 'સ્વચ્છતા-જનજાગૃતિ ગ્રામ શિબિર'નો કાર્યક્રમ યોજાયો

ગુજરાતમિત્ર તા.28/02/24



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે કરવામાં આવ્યું છે. સ્વયંસેવકોને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાનની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

3 તા.૨૮/૦૨/૨૦૨૪ બુધવાર પંચમહાલ સમાચાર દાહોદ ર
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા,

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજ એન.એસ.એસ-૧ અને ૨ દ્વારા સપ્ત દિવસીય સ્વચ્છતાં જનજાગૃતિ ગ્રામ શિબિરનુ આયોજન કર્યુ

દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નો ઉદઘાટન સમારોહ ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે યોજાયો.

દાહોદ, તા.૨૫/૦૨/૨૦૨૪ સોમવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ ૧ અને ૨ ની સપ્ત દિવસીય 'સ્વચ્છતા - જનજાગૃતિ ગ્રામ શિબિર' નું આયોજન ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહમાં સમારોહના અધ્યક્ષ અને ઉદઘાટકશ્રી તરીકે શ્રી. ધમુભાઈ પંચાલ, જીલ્લા કો.ઓર્ડીનેટર, દાહોદ( અંગદાન જાગૃતિ અભિયાન), પ્રેરક ઉપસ્થિત એવા ડો.આંબેડકર આશ્રમ શાળા, ઉકરડી ના આચાર્ય શ્રી.રામસિંગભાઈ સોલંકી, નવજીવન સાયન્સ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડો.જી.જે.ખરાદી, કોલેજના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના સ્ટાફ સભ્યો, આશ્રમ શાળાના બાળકો અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા સ્વયંસેવકો ને રાષ્ટ્ર માટેના ઉમદા કાર્યો, સમાજ સેવા અને યુવા વિદ્યાર્થીઓનું રાષ્ટ્ર માટે યોગદાન ની માહિતી આપી સ્વયંસેવકોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શ્રેયસ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર શ્રી.નીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ



**દાહોદ** : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા તા. 28/02/2024 બુધવારના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગ રૂપે ડો. આંબેડકર પ્રાથમિક શાળા ઉકરડી મુકામે વિજ્ઞાનના વિવિધ નમૂનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર,પ્રાણી શાસ્ત્ર, માઇક્રો બાયોલોજી અને વનસ્પતિ શાસ્ત્રના વિવિધ નમૂનાઓની સમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ને આપી હતી. શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયમાં રસ,રુચિ અને વલણ ઉત્પન્ન થાય તે માટે વિવિધ પ્રયોગો નું પ્રદર્શન પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 02-03-2024

# દાહોદ સાયન્સ કોલેજના સ્વયંસેવકો માનગઢ હિલ ઐતિહાસિક સ્થળના પ્રવાસે




**દાહોદ** : નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના એન. એસ. એસ. એકમ 1 અને 2 ના સ્વયંસેવકોને ગોવિંદ ગુરુ સ્મૃતિ સ્મારક માનગઢ હિલ ઐતિહાસિક સ્થળનો પ્રવાસ યોજાયો. દાહોદ, તા.29/02/24 ગુરુવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમ 1 અને 2 ની સપ્ત દિવસય વાર્ષિક શિબિર ના ભાગરૂપે ઐતિહાસિક સ્થળ શ્રી ગોવિંદ ગુરુ સમાધી સ્થળ કંબોઇ, શ્રી ગોવિંદ ગુરુ સ્મૃતિ સ્મારક માનગઢ હિલ અને કડાણા ડેમ ના પ્રવસનું આયોજન કરાવનમાં આવ્યુ હતું. આ ઐતિહાસિક સ્થળના પ્રવાસમાં એન.એસ.એસ. ના 45 સ્વયંસેવકો અને ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર ડો. વી. જે. ચૌહાણ અને કેમેસ્ટ્રી ના ભૂમિ તિલવાની જોડાયા હતા.



દાહોદ. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ દાહોદના એન.એસ.એસ. એકમ 1 અને 2ની સપ્ત દિવસય વાર્ષિક શિબિરના ભાગરૂપે ઐતિહાસિક સ્થળ શ્રી ગોવિંદ ગુરુ સમાધી સ્થળ કંબોઈ, શ્રી ગોવિંદ ગુરુ સ્મૃતિ સ્મારક માનગઢ હિલ અને કડાણા ડેમના પ્રવસનું આયોજન કરાવનમાં આવ્યુ હતું. આ ઐતિહાસિક સ્થળના પ્રવાસમાં એન.એસ.એસ.ના 45 સ્વયંસેવકો અને ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર ડો. વી. જે. ચૌહાણ અને કેમેસ્ટ્રીના ભૂમિ તિલવાની જોડાયા હતા.

# દાહોદનવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓને ફળ અને શાકભાજીની જાળવણીની તાલીમ આપી

દાહોદ, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં COLLEGIATE WOMENS , COMMITTEE (CWDC) , IQAC તથા નાયબ બાગાયત નિયામક કચેરી ની ટીમ દ્વારા અને કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ તા.૨૭/૦૨/૨૦૨૪ તથા ૨૮/૦૨/૨૦૨૪ ના રોજ વિદ્યાર્થિનીઓ માટે ફળ અને શાકભાજી ની જાળવણી અને તાલીમ કાર્યક્રમ હેઠળ કેળાની ચીપ્સ, તૂટીફૂટી , કેન્ડી, મીઠા આમલા, ખજૂરના લાડવા જેવી વિવિધ વાનગી વિદ્યાર્થીનીઓને શીખવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓને વૃતિકા (સ્ટાઈપેંડ) પણ આપવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૨૬ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.



જ-સંસ્થા

૪ માર્ચ દિવ્ય ભાસ્કર

## પોચંબા ખાતે NSS યુનિટના 7 દિવસ સુધી યોજાયેલા વાર્ષિક કેમ્પનું સમાપન થયું



નસવાડી . શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન શ્રી સી. એચ. ભીલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડીમાં ચાલતા એનએસએસ યુનિટનો વાર્ષિક કેમ્પ પોચંબા પ્રા. શાળા ખાતે 'વિકસિત ભારત @2047: એક સંકલ્પ' વિષય પરના 7 દિવસીય કેમ્પનું સમાપન કરવામાં આવ્યું.

કરજણ જલારામ નગરમાં આવેલી સરકારી

NAVJIVAN SCIENCE COLL. DAHOD

| | | |
|---|---|---|
| ડૉ. શ્રેયસ.એ.પટેલ | ડૉ. જી. જે. ખરાદી | શ્રી નીલ આર.પટેલ |
| પ્રોગ્રામ ઓફિસર | કાર્યકારી આચાર્ય | પ્રોગ્રામ ઓફિસર |
| નવજીવન સાયન્સ કોલેજ | નવજીવન સાયન્સ કોલેજ | નવજીવન સાયન્સ કોલેજ |